# જીએફએલની હેટ્રીક : સતત ત્રીજા વર્ષે ડૂન એન્ડ બ્રોડસ્ટ્રીટ દ્વારા શ્રેષ્ઠ ભારતીય કેમીકલ કંપનીનો એવોર્ડ

રાજકોટ, તા. ૬ : આઈનોકસ ગ્રુપની કંપની ગુજરાત ફલોરોકેમિકલ્સ લિમિટેડ (જીએફએલ)ને ડૂન એન્ડ બ્રોડસ્ટ્રીટ દ્વારા વર્ષ ૨૦૦૯ માટે કેમિકલ સેકટરમાં શ્રેષ્ઠ ભારતીય કંપની તરીકેને એવોર્ડ આપવામાં આવ્યો છે. જીએફએલએ સતત ત્રીજા વર્ષે આ બહુમાન પ્રાપ્ત કર્યુ છે. અમેરિકામાં હેડકવાર્ટર ધરાવતી ડૂન એન્ડ બ્રોડરસ્ટ્રીટ વિશ્વની અગ્રણી બિઝનેસ ઈન્ફર્મેશન કંપની છે. ભારતમાં દર વર્ષે ડૂન એન્ડ બ્રોડસ્ટ્રીટ ૫૦૦ અગ્રણી કંપનીઓનો સર્વે કરે છે અને પોતાના યુનીકપ્રોપ્રાયટરી સોફટવેરની મદદથી દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ કંપનીઓ નિર્ધારીત કરી એમને ડી એન્ડ બી રોલ્ટા કાર્પોરેટ એવોર્ડસ થી સન્માનીત કરે છે. આ એવોર્ડસ સાઈઝ અને વિકાસ બંને રીતે ગુણવત્તા લક્ષી અભિગમને પ્રમાણિત કરે છે. ફાઈનલ રેન્કીંગ સર્વાંગી દેખાવને અનુલક્ષીને કરવામાં આવે છે જે આઠ માપદંડો કુલ આવક, ચોખ્ખો નફો (નેટ પ્રોફીટ), નેટ વર્થ, નેટ પ્રોફીટ માર્જીન, નેટ વર્થ પર રિટર્ન, સરેરાશ માર્કેટ કેપિટલાઈઝેશન, કુલ આવકમાં વૃધ્ધિ અને નેટ પ્રોફીટમાં વૃધ્ધિ પર આધારિત છે. જીએફએલના ડિરેકટર અને ગ્રુપ હેડ (કોર્પોરેશન ન્સ) શ્રી દિપક આશરે, કંપની વતી આ એવોર્ડ ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ કોર્પોરેટર અફેર્સના સેક્રેટરી આર. બંદોપાધ્યાયના હસ્તે મુંબઈ ખાતે એક ખાસ સમારંભમાં સ્વિકાર્યો હતો. આ પ્રસંગે શ્રી. આશરે જણાવ્યું હતું કે આ એવોર્ડનો અમે નમ્રતાપૂર્વક આભાર સહ સ્વિકાર કરીએ છીએ. આ એવોર્ડ જીએફએલને ભારતીય કેમિકલ ઉદ્યોગમાં અગ્રેસર સ્થાન ઉપરાંત સ્ટેકહોલ્ડર્સને ઉત્તમ નાણાકિય પરિણામો દ્વારા ઉચ્ચ વળતર આપવા બદલ બહુમાન છે. સતત ત્રણ વાર આ એવોર્ડની પ્રાપ્તી, જીએફએલની ઉર્ધ્વગામી પરફોર્મન્સ પ્રત્યેની અડગ કટિબધ્ધતાનું પ્રતિક છે. (૨૪.૨)